૬૦૧ / ૩,૭૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]　　(રવિવાર, ૧૭ જુલાઈ, ૨૦૦૫)　　[ કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧　શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧　નીચેના કોઈપણ બે વિષય વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.　૬**

૧. સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ
૨. સાકાર સ્વરૂપમાં રુચિ
૩. અક્ષરબ્રહ્મ : એક અને અદ્વિતીય
૪. ગુણાતીત સંતનાં લક્ષણો

**પ્ર.૨　નીચેનાં પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.　૫**

૧. ‘મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.’
૨. ‘જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે;
સર્વે પર છે સુખની ખાણી, કે’વું કહીએ તેને કથી રે.’
૩. ‘एकमेवाद्वितीयं ब्रह्म ।’
૪. ‘એ જ જ્ઞાની એ જ તત્ત્વવેત્તા, જેણે પ્રગટ પ્રભુને પેખિયા.’
૫. ‘વંદું ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર્યામી.’

**પ્ર.૩　આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.　૪**

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નિષ્કુળાનંદ સ્વામી રચિત પંક્તિઓ કઈ છે ?
(અ) ‘જેવા એ સંત કહીએ શિરોમણિ, એવા હરિ સૌ શિરમોડ.’
(બ) ‘આ ભવસાગર પાર ઉતાર, હરિ કે હરિ કો દાસ’





(ક) ‘બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંધિવાનના બંધ સોય રે.’
(ડ) ‘પરોક્ષથી ભવ તણો પાર આવે નહિ, વેદવેદાંત કહે સત્ય વાણી.’

૨. શ્રીજીમહારાજ સર્વોપરી
(અ) ગ. અં. ૩૮　(બ) ગ. મ. ૧૬
(ક) ગ. મ. ૧૩　(ડ) ગ. અં. ૨

**પ્ર.૪　નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)　૪**

૧. ચૈત્રી પૂનમના સમૈયે વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ આપેલી પોતાની ઓળખાણ.
૨. નરકના કુંડ ખાલી કરાવ્યા.
૩. ‘દાદા ખાચરના નળિયાનું ધ્યાન ધરો.’

**પ્ર.૫　કોઈપણ બે વિષે વિવરણ લખો. (બારેક લીટીમાં)　૮**

૧. ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ
૨. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - ‘સ્વામીની વાતું’ના આધારે
૩. ગુણાતીત સંતનો મહિમા : પરમહંસોનાં પદોમાં
૪. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા

**પ્ર.૬　નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)　૮**

૧. ભગવાન સાકાર હોવા છતાં લોકોને નિરાકાર સમજાય છે.
૨. શ્રીજીમહારાજ આત્માનંદ સ્વામીને ધામમાં તેડી ગયા.
૩. શાસ્ત્રીજી મહારાજ ભોંયકા માલજી સોનીને મળવા ગયા.
૪. રાવણ કે શૂર્પણખા જેવાં ભક્ત ન થવું પણ વિભીષણ જેવા ભક્ત થવું.

**પ્ર.૭　ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યોની પૂર્તિ કરો.　૮**

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. જીવ ... ... ... ... અનાદિ છે.
૨. ધામમાં જે ... ... ... ... તે જ આ શ્રીજીમહારાજ છે.
૩. પુરુષોત્તમ નારાયણની ... ... ... ... અદ્વિતીય છે.
૪. આપણી ઉપાસના ... ... ... ... બે ચરણની જ છે.
૫. આ લોકમાંથી ... ... ... ... પ્રગટ છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૧. એકલા અક્ષરબ્રહ્મ ... ... ... ... ભેળા છે, તેમ ન સમજવું.

૨. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ... ... ... ... શકાય, તેમ ન સમજવું.

૩. પ્રગટ બ્રહ્મસ્વરૂપ ... ... ... ... શકાય છે, તેમ ન સમજવું.

પ્ર.૮ પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન. ૫

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''આ શું ચરિત્ર કર્યું ?''

૨. ''તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.''

૩. ''આજથી જોડા-સ્લીપર જે ફાવે તે પહેરજો !''

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૬

૧. રઘુવીરજી મહારાજ બોલ્યા કે 'ગુણાતીતાનંદ સ્વામી જ વાતું કરશે.'

૨. શ્રીજીમહારાજે બ્રહ્મચારીને બોલાવીને પર્વતભાઈને જમાડ્યા.

૩. નિષ્કુળાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ કહેલા શ્રીજીમહારાજના મહિમાના શબ્દો સાંભરી આવ્યા.

૪. દારેસલામ ઍરપોર્ટના અધિકારીઓ સ્વામીશ્રીનાં ચરણોમાં ઝૂકી પડ્યા.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ડેવીડનો દિવ્ય અનુભવ

**અથવા**

બસો વર્ષનું વેર શમ્યું.

૨. ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીનો પરસ્પર પ્રેમ અને મહિમા

**અથવા**

કુશળકુંવરબાની ભક્તિ

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. સવા વર્ષના શિવલાલને જોઈ શ્રીજીમહારાજ શું બોલ્યા ?

૨. રઘુવીરજી મહારાજે કેટલાં વર્ષ આચાર્યપદ શોભાવ્યું ? કોને ઉત્તરાધિકારી બનાવ્યા ?

૩. અનિર્દેશ એટલે શું ?





૪. પર્વતભાઈ શેરડીના માદળિયા ખાવામાં કેમ ખચકાતા હતા ?

૫. કવિ દલપતરામે મુક્તાનંદ સ્વામીની વાણીને શું ઉપમા આપી ?

૬. પ્રમુખસ્વામી મહારાજનું વિશ્વમાં કઈ કઈ પાર્લામેન્ટમાં સન્માન થયું છે ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૬

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સાચા સદ્‌ગુરુની શોધમાં મુકુંદદાસને કયા કયા ગુરુઓ મળ્યા ?

(અ) રામદાસ (બ) દ્વારકાદાસ

(ક) કલ્યાણદાસ (ડ) તુલસીદાસ

૨. લાલજી સુથાર શ્રીજીમહારાજ સાથે કચ્છ તરફ જતાં કોને કોને મળ્યા ?

(અ) ભિક્ષુક (બ) શેઠ

(ક) સંતપુરુષ (ડ) ચોર

૩. પ્રમુખસ્વામી મહારાજની પ્રશંસા કરતા પ્રતિભાવો કોણે કોણે આપ્યા ?

(અ) શ્રી ચિન્ના જિઅર સ્વામી (બ) સ્વામી આત્માનંદજી

(ક) પ્રો. યારોસ્લેવ ક્રિચ (ડ) ડૉ. કુરિયન

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. નીલકંઠની હિમાલય યાત્રા

૨. અહં-મમત્વ રહિત સેવા : વિશલ્યકરણી ઔષધી

૩. સાધનામાર્ગે સંયમ-નિયમની અનિવાર્યતા

✹ ✹ ✹